For Private Circulation Only

# B.P.A. Bulletin

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to
Comprehensive Development
Of Persons with Disabilities

વર્ષ - ૨૦૨૨-૨૩ ▲ અંક ૨ અને ૩ ▲ ઓક્ટોબર-જાન્યુઆરી-૨૦૨૩ (This Bulletin is available on website : www.bpaindia.org)

BULLETIN
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ-બેંક સહયોગ



જરૂરિયાતમંદ દિવ્યાંગ મહિલાઓ સ્વમાનભેર રીતે સમાજમાં આર્થિક ઉપાર્જન સ્વરોજગારથી પ્રાપ્ત કરી શકે તે ઉમદા વિચારસરણીથી કાલુપુર કોમર્શિયલ બેંક અને ૫૩માં વર્ષમાં પ્રવેશતાં બેંક સ્થાપનાદિનની ઉજવણી બીપીએ કેમ્પસમાં કરી હતી. તેમાં ૧૦૬ મહિલાઓને સિવણ મશીન આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ તારીખ : ૦૬-૧૨-૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યો હતો. આ સમયે બોર્ડ ડાયરેક્ટરશ્રીઓમાં શ્રી ભાવેશગિરીસિંગ બી.મુંજાલા - ડાયરેક્ટર શ્રી, શ્રી કનુભાઈ જી. પટેલ, ડાયરેક્ટરશ્રી, શ્રી અંબરભાઈ જે પટેલ, ડાયરેક્ટરશ્રી, શ્રી વિનોદભાઈ જી. દદલાણી, જી.એમ અને સીઈઓ, શ્રીમતી મુલીનબેન એસ.બોડીવાલા, એજી.એમ શ્રી ખાંજન પી. શાહ એ.જી.એમ, તેમજ કર્મચારીગણ પરિવાર ઉપસ્થિત રહ્યાં હતાં.

આમ દિવ્યાંગ બહેનોને સ્વરોજગારીનાં હેતુથી સિવણ મશીનોની સહાય ધી કાલુપુર કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક પરિવાર તરફથી આપતા બીપીએ પણ બેંકના હોદ્દેદારો તેમજ કર્મચારીગણનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે બીપીએના વરિષ્ઠ હોદ્દારો, લાભાર્થીઓ તેમજ બીપીએ રોજગાર વિભાગ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.




# ધોળકા સેન્ટર - ઉદ્‌ઘાટન

દિવ્યાંગજનોને તેમના વિસ્તારથી દૂર જઈને નહીં પરંતુ નજીકના વિસ્તાર સ્થળે સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય તે હેતુથી ધોળકા ખાતે સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ "સંજીવની કોમ્પ્રેહેન્સીવ રિસોર્સ અને રિહેબીલીટેશન સેન્ટર ફોર ચાઈલ્ડ પર્સન વીથ ડિસેબીલીટી" અને બહુ વિકલાંગ સેન્ટર ધોળકા ખાતે તારીખઃ ૦૪-૧૦-૨૦૨૨નાં રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સેન્ટરનાં ઉદ્‌ઘાટન સમારોહમાં ડૉ.પંકજ બી. વલવાઈ, નાયબ કલેક્ટર શ્રી બ્રિજેશ વ્યાસ, આસિસ્ટન્ટ જનરલ મેનેજર અને પ્લાન્ટનાં મુખ્ય અધિકારીશ્રી તેમજ સી.ડી.પી.ઓ શ્રીમતી ભારતી મકવાણા, એસ્ટ્રલનાં શ્રી જલ્પેશ વાઘેલા અને રાજપૂત બોર્ડીંગનાં શ્રી ચંદુભાઈ તેમજ બીપીએનાં શ્રી નંદિની રાવલ, એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર ,શ્રી ભરત જોષી, ડેપ્યુટી ડાયરેક્ટર તેમજ કિન્નરી દેસાઈ, ડૉ.રાજેશ્વરી શ્રીમાળી, શ્રી હર્મીશ મોદી, શ્રી જે.ટી.પંચાલ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા.

આ સમારોહમાં ધોળકા અને આસપાસનાં વિસ્તારનાં પ્રતિષ્ઠિત મહાનુભાવો, દાતાશ્રીઓ, દિવ્યાંગ વાલીજનો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ સેન્ટરમાં ક્લિનિકલ ફંક્શનલ, એસેસમેન્ટ કેમ્પનું પણ આયોજન સહ કરવામાં આવ્યું હતું તેમાં ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, સાઈકોલોજીસ્ટ, સ્પે. એજ્યુકેટર દ્વારા કેમ્પમાં નિદાન કરવામાં આવ્યું હતું. આ સેન્ટરનું અમલીકરણ બીપીએ, અમદાવાદ તેમજ સહયોગી તરીકે એસ્ટ્રલ ફાઉન્ડેશન રહ્યાં છે.







# ફોર્ડ કંપની સહયોગ




દિવ્યાંગજનો સતત આધુનિક ટેકનોલોજી યુગમાં જોડાયેલા રહે તે માટે ફોર્ડ કંપનીનાં સહયોગથી તારીખ : ૨૩-૦૯-૨૦૨૨નાં રોજ બીપીએમાં ૬૫ લેપટોપ કંપની તરફથી આપવામાં આવ્યાં હતા. આ સમયે કાર્યક્રમમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી, શ્રી કિન્નરી દેસાઈ તેમજ શ્રી હર્મિશ મોદી રહ્યાં હતાં.

# રસોત્સવ - ૨૦૨૨

દર વર્ષે ઓલ ઈન્ડિયા ફ્લેગ ડેની ઉજવણીના ભાગરૂપે બીપીએ દ્વારા વાર્ષિકોત્સવ મનાવવામાં આવે છે. આ રસોત્સવ-૨૦૨૨માં બીપીએનાં વિવિધ જગ્યાએ કાર્યરત ૧૫ સેન્ટરોમાંથી દિવ્યાંગ ભૂલકાઓ એ ભાગ લીધો હતો અને પોતાની આંતરિક શક્તિઓ વધુ ને વધુ ખીલવવા માટે પ્રયાસ કર્યો હતો. આ કાર્યક્રમ તારીખ : ૧૪/૦૯/૨૦૨૨ નાં રોજ પંડિત દિન દયાલ ઉપાધ્યાય, ઓડીટોરીયમ, એસ.જી. રોડ, અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દિવ્યાંગજનોએ સંગીત, ડાન્સ, નૃત્ય, ક્લાસીકલ નૃત્ય, બોલીવુડ ડાન્સ, ફેશન શો, એક પાત્રીય અભિનય વગેરે તેઓએ કર્યો હતો અને પ્રેક્ષક ગણમાં બેઠેલા પ્રેક્ષકોનાં મનને હરી લીધા હતા. પ્રેક્ષકગણમાંથી સતત વન્સ મોર, વન્સ મોરના નારાથી કૃતિ રજૂ કરનારા અને  દિવ્યાગંજનોનો ઉત્સાહ વધી ગયો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં બાળકોને મેકઅપથી તેમજ ટ્રેડીશનલ ડ્રેસથી તૈયાર કરવામાં બ્યુટી સ્ટુડિયો અને ૫૦ વિદ્યાર્થી સ્વયં સેવકો મદદરૂપ રહ્યા હતા.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી પ્રદીપભાઈ પરમાર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ગુજરાત સરકાર અને મહાનગર અમદાવાદનાં મેયરશ્રી કિરીટભાઈ પરમાર તેમજ સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરનાં જોઈન્ટ ડાયરેક્ટરશ્રી શ્રીમતી જયશ્રીબેન દેવાંગના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સાંસ્કૃતિક કાર્યક્રમનાં સહયોગીશ્રી ઉપેન્દ્રભાઈ શાહ અને શાહ ઈન્વેસ્ટર હોમ લિમીટેડ રહ્યા હતાં.


















# રાજ્યકક્ષા વાલી મીટીંગ












દિવ્યાંગ ભૂલકાઓને પ્રશિક્ષણ અર્પતા વિશિષ્ટ શિક્ષકશ્રીઓ અને આઠ પુખ્તવય બધિરાંધ તેમજ ચાલીસ વાલીશ્રીઓ રાજ્યસ્તરે યોજાયેલ. વાલી મીટીંગમાં હાજર રહ્યાં હતાં. આ મીટીંગમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે ડિસેબીલીટી કમિશ્નરશ્રી વી.જે.રાજપૂત તેમજ બીપીએનાં એક્ઝીક્યુટીવ સેક્રટરીશ્રી તેમજ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) ના ડાયરેક્ટરશ્રી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

# એક દિવસીય સેમીનાર





બીપીએ નેશનલ નોડલ એજન્સી સેન્ટર ટ્રસ્ટ દ્વારા એક દિવસીય સેમિનાર ગુજરાત અને દીવ-દમણ નેશનલ ટ્રસ્ટ આયોજીત તેમજ સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રાલય, ગુજરાત સરકાર દ્વારા તારીખ : ૨૬/૦૮/૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનાં પ્રારંભમાં બહુ વિક્લાંગ, બધિરાંધ વિદ્યાથીઓએ સુંદર પ્રાર્થના થી કાર્યક્રમની શરૂઆત કરી હતી તેમજ સાંકેતિક ભાષાથી મહેમાનોનું અભિવાદન કર્યું હતું.





સેમિનારમાં ડેપ્યુટી ડાયરેક્ટર સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલયના શ્રી કે. એચ. વિનિયાએ તેમના ઉદ્‌બોધનમાં ગુજરાતમાં દિવ્યાંગજનો માટે યોજનાઓ તેમજ પ્રવૃતિઓ અંગે જાણકારી આપી દિવ્યાંગજનો માટે એક્સેસીબિલીટીની ઘણા સ્થળોએ જરૂરિયાત હોય છે તેમ જણાવ્યું હતું. તેમજ સેમિનારમાં ભાગ લીધેલ પાર્ટિસિપેટ્સને કાયદા દ્વારા અમલીકરણ અંતર્ગત ખ્યાલ આપ્યો હતો. આ સાથે સેમિનારમાં નેશનલ ટ્રસ્ટ જોગવાઈમાં મંદબુધ્ધિતા, બધિરાંધ, ઓટીઝમ અને સેરેબ્રેલ પાલ્સીની જાણકારી આ કાર્યક્રમમાં આપવામાં આવી હતી. આ સેમિનારમાં વર્ચ્યુઅલ રીતે શ્રી ઉમેશકુમાર શુક્લા પ્રોગ્રામ ડાયરેક્ટરશ્રી, નેશનલ ટ્રસ્ટથી જોડાયા હતા.

# રિજીયોનલ મીટીંગ-તાલીમ-કાર્યક્રમ

બીપીએ અને સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા)ના સંયુક્ત ઉપક્રમે રિજીયોનલ નેટવર્કીંગ વોકેશનલ પુનર્વસન દ્વારા મીટીંગ તેમજ તાલીમ તારીખ : ૬ થી ૮ સપ્ટેમ્બર દરમ્યાન ત્રિદિવસીય યોજાઈ હતી. આ તાલીમમાં બધિરાંધ વ્યક્તિઓ માટે સર્વાંગી વિકાસમાં વાલીઓ અને શિક્ષકશ્રી કેવી રીતે મદદરૂપ થઈ શકે? આમ તેઓની આંતરિક શક્તિઓને પારખવા માટેની જરૂરી વિવિધ પધ્ધતિઓની સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ હોટલ પ્રેસીડન્ટમાં તેમજ તાલીમી ગૃપમાં કરવામાં આવ્યો હતો. આ રીજીયોનલ લર્નીંગ સેન્ટર બીપીએ અને કાર્યક્રમનાં સહયોગી સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) રહ્યાં હતા.







## તાલીમ

બધિરાંધ વ્યક્તિઓનું એસેસમેન્ટ, કોમ્યુનિકેશન અને અભ્યાસ અંતર્ગત ૨૨ (બાવીસ) તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી અહીં વિવિધ રાજ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ ગોવાના તાલીમી રહ્યાં હતા. વાલી અને પ્રોફેશનલ ભાગીદારીનાં ટેકનોલોજી વિષેની સમજ તારીખ : ૨૨ થી ૨૬ નવેમ્બર (પાંચ દિવસીય) સુધી તાલીમમાં આપવામાં આવી હતી.



## કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ



દ્વિતીય કેપેસીટી બિલ્ડીંગ એક દિવસીય વર્કશોપનું આયોજન દિવ્યાંગજન ક્ષેત્રમાં કાર્યરતાની સંસ્થાઓ માટે તારીખ : ૨૭/૦૮/૨૦૨૨નાં રોજ બીપીએનાં પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનાં સહયોગી ઈન્ડુસલેન્ડ બેન્ક રહ્યાં હતાં તેમજ આ વર્કશોપમાં એફ.સી.આર.એ એક્ટ-૨૦૧૦ તેમજ સીએસઆર આવકવેરા નિયમો, કાયદા વિષયક સંસ્થા પ્રતિનિધિઓને જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જાણીતા નિષ્ણાત નામાંકિત સી.એ, સંસ્થાનાં પ્રતિનિધિઓ તેમજ બીપીએનાં એકાઉન્ટ્સ ઓફિસરો આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા. આમ, કાયદાઓની જોગવાઈઓમાં સુધારા સહ નૂતન આયામોનો જરૂરી ખ્યાલ વર્કશોપ દરમ્યાન આપવામાં આવ્યો હતો.

## બ્યુટી હેર એન્ડ સ્કીન સેમિનાર



બીપીએનાં બિલ્ડીંગ નં - ૮ નાં આઈટીઆઈનાં દિવ્યાંગ તાલીમાર્થી વિદ્યાર્થીઓને માટે “જસ્મીન બ્યુટી કેર” ટીમ દ્વારા તારીખ : ૨૬-૦૮-૨૦૨૨ નાં રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મેકઅપ હેર કટીંગમાં ૮૦ દિવ્યાંગ બહેનોએ ભાગ લીધો હતો. આ દરમ્યાન જસ્મીન બ્યુટીકેરનાં સંચાલકશ્રી ઉર્વશીબેન તરફથી દિવ્યાંગ તાલીમાર્થીઓને ભેટ પણ આપવામાં આવી હતી.

## સ્કોલરશીપ સહાય



દ્રષ્ટિક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણમાં વધુ અભ્યાર્થે તેઓને પુસ્તકો તેમજ અભ્યાસ માટેનાં જરૂરી ખર્ચાઓ માટે સી.એમ.એ-સી.જી.એમ એજન્સી (ઈન્ડિયા) પ્રા. લિ દ્વારા ૩૦૦ (ત્રણસો) દિવ્યાંગજનોને તેમની જરૂરિયાત અનુસાર સ્કોલરશીપ આપવામાં આવશે. આ મદદની ઘોષણા તારીખ : ૫,મી સપ્ટેમ્બર-૨૦૨૨ નાં રોજ એરિયા મેનેજર ઝોન-૨ (ગુજરાત રિઝીયન) કંપનીના શ્રી પ્રણવ રોયને આપી હતી અને આ કાર્ય માટે પ્રોગ્રામ કો-ઓર્ડિનેશન તરીકે એન.એ.બી ગુજરાતનાં સેક્રેટરીશ્રી તારક લુહારની નિયુક્તિ કરવામાં આવી છે.

## એ.ટી.સી સ્થાપના દિવસ








"અંધજન પુખ્તવય તાલીમ સેન્ટર"નાં સ્થાપના દિવસની ઉજવણી તારીખ - ૧૭/૦૮/૨૦૨૨ નાં રોજ કરવામાં આવી ત્યારે આ સમયે સાઈટ-સેવરનાં સી.ઈ.ઓ શ્રી મોહંતી અહીં પ્રથમવાર આવી પોરેચા આઈ હોસ્પિટલની મુલાકાતથી પ્રભાવિત થયા હતા અને બીપીએ સાથેનાં સંસ્મરણોને તાજા કર્યા હતા.

## સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેન્ટર




દ્રષ્ટિક્ષતિ, અલ્પદ્રષ્ટિ બેરોજગાર યુવાઓને પ્રાથમિક માહિતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે સેન્ટર બનાવવામાં આવ્યું છે. આ સેન્ટરમાં બીપીએનાં ૩૦ વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે. તેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સારી રોજગારી પ્રાપ્ત થઈ શકશે.

અહીં ટીચર્સ પ્રિપરેશન તાલીમ કાર્યક્રમ તા. ૪/૧૨/૨૦૨૨ નાં રોજ થયો હતો. તેમાં ફોર્ડ કંપની દ્વારા પાંચ દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને લેપટોપ આપવામાં આવ્યા હતા.

## બ્રેઈલ પ્રેસ મીટીંગ



સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય દ્વારા બ્રેઈલ પ્રેસનાં વિકાસાર્થે આર્થિક સહાય માટે મીટીંગ તારીખ : ૧૩/૧૨/૨૦૨૨નાં રોજ યોજાઈ હતી. આ મીટીંગમાં બીપીએનાં બ્રેઈલ પ્રેસનાં સિનીયર મેનેજરશ્રી એફ.જે.પોરવાલ અને બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.



## આયુર્વેદ નિદાન કેમ્પ



દિવ્યાંગજનો માટે દાન ઉત્સવ કાર્યક્રમ દરમ્યાન તારીખ : ૭/૧૦/૨૦૨૨ નાં રોજ બીપીએ કેમ્પસમાં સર્વરોગ નિદાન આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે સંસ્થાનાં વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓનું નિદાન કરી સરકારી અખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા જે વિદ્યાર્થીઓ શારિરીક ઓછુ વજન ધરાવતા હતાં. તેઓને આયુર્વેદિક ચ્યવનપ્રાશ તેમજ ઈમ્યુનિટી માટે મેડીસીન કેમ્પ દરમ્યાન ૨૦૫ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

## સાઈટ સેવર મુલાકાત



સાઈટ સેવર અને બીપીએ દ્વારા "કેપેસીટી બિલ્ડીંગ ક્રોસ ફિલ્ડ કોમ્યુનિટી" બેઈઝનાં સંમ્મિલિત વિકાસ માટે મીટીંગ તારીખ : ૨૩/૧૨/૨૦૨૨ નાં રોજ બીપીએ કેમ્પસમાં યોજાઈ હતી. અહીં સાઈટ સેવરનાં ઉચ્ચસ્તરીય પદાધિકારીશ્રીએ સ્ટ્રેટેજી પ્લાનીંગ અને પાર્ટનરશીપ વિષયક બીપીએની મુલાકાત લઈને ચર્ચા કરી હતી.

આ સમયે બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભૂષણ પુનાની એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી વિમલ થવાણી તેમજ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ધર્મેન્દ્ર જૈના, શ્રી ભરત જોશી, શ્રી કિન્નરી દેસાઈ મીટીંગમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## બીપીએ આદ્યસ્થાપક જન્મદિન ઉજવણી





બીપીએનાં આદ્યસ્થાપક સ્વ. શ્રી જગદીશ કે. પટેલનાં ૫, મી સપ્ટેમ્બર જન્મ દિવસે તેઓનાં દિવ્યાંગજનો નાં ઉત્કર્ષ માટે શિક્ષણનાં વિચારોને યાદ કર્યા હતા અને સ્વ. શ્રી જગદીશભાઈનું બીપીએ કેમ્પસની મધ્યમાં આવેલાં સ્ટેચ્યુને આ સમયે ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારી ગણ દ્વારા પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી.

આમ, દ્રષ્ટિહીનોનાં શિક્ષણ પ્રત્યેનાં તેઓનાં દુર દ્રષ્ટિનાં વિચારોને યાદ કરી કેમ્પસમાં દિવસ દરમ્યાન દિવ્યાંગજનો માટે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી.



## બુસ્ટર ડોઝ કેમ્પ



કોવિડ-૧૯ ની વેક્સીન સમગ્ર દેશનાં નાગરિકોને કોવિડ રક્ષણ માટે આપવામાં આવી હતી. ત્યારે બીપીએ કેમ્પસમાં પણ કોવિડ-૧૯ (કોરોના) વેક્સીન કેમ્પ દિવ્યાંગજનો માટે જૂન અને સપ્ટેમ્બર - ૨૦૨૧ માં આયોજીત કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ વધુ એક બુસ્ટર ડોઝ કેમ્પનું આયોજન બીપીએ પ્રાંગણમાં તા. ૫, મી ઓગસ્ટ-૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં ૧૨૮ વ્યક્તિઓએ બુસ્ટર ડોઝની વેક્સીન લીધી હતી. આ સમગ્ર કેમ્પનું સફળ સંચાલન બીપીએ મેનેજર શ્રી જે.ટી. પંચાલે કર્યું હતું.

## આર.ઓ.યુનિટ સુવિધા





દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને નિવાસી શાળાની હોસ્ટેલમાં શુધ્ધ પીવાનું જળ મળી રહે તે ઉમદા હેતુસર સિંનહાન બેંક, અમદાવાદ દ્વારા તારીખ : ૩૦/૦૯/૨૦૨૨નાં રોજ બેંકના મેનેજીંગ ડાયરેક્ટરશ્રી ક્રિષ્ણા નારાયણ અને શ્રીવાસ્તવ દ્વારા આર.ઓ યુનિટ અર્થે આર્થિક સુવિધા આપવા દાનની ઘોષણા કરી હતી.

## જાપાનીઝ થેરાપી પરીક્ષણ



દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ "જાપાનીઝ મેડીકલ મેન્યુઅલ થેરાપી" (જેએમએમટી) કોમ્પ્યુટર ઉપર રાઈટરની મદદ વિના તા. ૨૬-૦૮-૨૦૨૨નાં રોજ પરીક્ષા આપી હતી. આ કોર્સ ના કોમ્પ્યુટર નિભાવ માટે શ્રી સંજય અગ્રવાલ તેમજ તેમનાં ધર્મપત્નીશ્રીને યુ.એસ.એથી દાન આપવામાં આવ્યું છે.



## (બેંક પદાધિકારીશ્રી બીપીએ મુલાકાત)



દ્રષ્ટિહિનો અલ્પદ્રષ્ટિ વ્યક્તિઓને રોજગાર માટે વધુ તકો મળે તે ઉદ્દેશ્યને સાર્થક કરવા એચ.ડી.એફ.સી બેંક લિમિટેડ ગુજરાત રિજીયનનાં ઉચ્ચ પદાધિકારીશ્રીઓએ તારીખ ૨૭-૦૯-૨૦૨૨નાં રોજ બીપીએના વિવિધ વિભાગની મુલાકાત લીધી હતી. આ સાથે તેઓએ અલ્પદ્રષ્ટિ, દ્રષ્ટિહિનો , દિવ્યાંગજનો માટે ટેકનોલોજીનાં માધ્યમથી રોજગારના ઉજ્જવળ ભવિષ્ય માટેની તકોના નિર્માણ માટે હિમાયત કરી હતી.





## આંખ શસ્ત્રક્રિયા-તાલીમ-ભૂજ




બીપીએ સંચાલિત આંખની હોસ્પિટલમાં આંખની દેખભાળ માટે બીપીએ, કે.સી.આર.સી હોસ્પિટલ, ભૂજ ખાતે તા. ૨૬-૦૯-૨૦૨૨નાં રોજ હોસ્પિટલમાં આંખની શસ્ત્રક્રિયા માટે ઓપરેશન થિયેટરનાં નિયમો ની સમજ આપવામાં આવી હતી.સાથે સાથે ડી.બી.સી.એસ ગાઈડલાઈન અંતર્ગત તાલીમમાં નૂતન નિમણૂંક પામેલ કર્મચારીશ્રીઓને વિવિધ કામગીરીથી વાકેફ કરી તાલીમની સમજ બીપીએ, બારેજા હોસ્પિટલનાં ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) શ્રી ધર્મેન્દ્ર જૈના એ આપી હતી. જ્યારે બીપીએનાં એકાઉન્ટન્ટ શ્રી જીગ્નેશભાઈએ સ્ટોક મેનેજમેન્ટ, ટેલી એન્ટ્રી વગેરેની કર્મચારીશ્રીઓને જાણકારી આપી હતી.

## હોપ કમિટી સહાય



નિઃસહાય વ્યક્તિઓ માટે હોપ કમિટી સતત સેવાનો ભગીરથ યજ્ઞ ચલાવી રહ્યા છે અહીં સ્વૈચ્છિક કાર્ય કરતાં મહિલા સભ્યશ્રીઓ દ્વારા બીપીએમાં શૈક્ષણિક પ્રવૃતિઓ માટે ફંડ, દવાઓ, સાધન-સહાય, ચેરીટી વસ્ત્રદાન વગેરે એકત્રીકરણ કરી આપે છે આમ, આ કમિટીનાં સભ્યશ્રીઓ ત્રણ દસકથી મદદરૂપ બની રહ્યા છે. અહીં તારીખ : ૧૭/૦૯/૨૦૨૨નાં રોજ સતત દિવ્યાંગજનોને અર્થે સ્વરોજગાર માટે તેઓશ્રી મદદરૂપ રહ્યાં હતાં.

## રાષ્ટ્રીય ટ્રકર્સ આરોગ્ય કાર્યક્રમ






રાહી રાષ્ટ્રીય ટ્રકર્સનાં ''આંખ આરોગ્ય કાર્યક્રમ'' નાં પાંચ વર્ષનાં ઉજવણીનો કાર્યક્રમ અને મીટીંગ થઈ હતી તેમાં સાઈટ સેવર પ્રોજેક્ટનાં પાર્ટનરમાં ફિલ્મ કલાકાર શ્રી કબીર બેદી બ્રાન્ડ એમ્બેસેડર સાઈટ સેવર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટશ્રી નંદિની રાવલ અને શ્રી ધર્મેન્દ્ર જૈના ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાર્ષિક કોન્ફરન્સ-૨૦૨૦






રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સ સમાવેશનમાં આઈ હેલ્થ પ્રથમ કોન્ક્લીવ મીટીંગ તારીખ : ૦૨/૦૯/૨૦૨૨ નાં રોજ ૧૬, મી વાર્ષિક કોન્ફરન્સ વિઝન-૨૦૨૦ ''રાઈટ ટુ સાઈટ'' સિલીગુડીમાં થઈ હતી. આ કોન્ક્લવમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીની રાવલ દ્વારા બે પેપર પ્રેઝન્ટેશન પૈકી (૧) વિઝન સેન્ટર અને ડિસેબીલીટી રિહેબીલીટેશનમાં સિધ્ધિ હાંસલ બીપીએ દ્વારા અને બીજી રોલ ઓફ ડિસેબીલીટી એન.જી.ઓ આઈ કેર ઉપર પ્રેઝન્ટેશન કર્યું હતું.

આ સાથે બીપીએ બારેજાનાં ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) શ્રી ધર્મેન્દ્ર જૈનાએ તેઓના પેપર પ્રેઝન્ટેશનમાં ''ધ ફેક્ટર્સ ધેટ અફેક્ટેડ ધ ઈફેક્ટીવનેસ ઓફ આઉટ રીચ'' ગ્રામીણ એરિયામાં આંખ ચિકિત્સા કેમ્પ અંતર્ગત રજુ કર્યું હતું.

આ ૧૬ મી વાર્ષિક કોન્ફરન્સ વિઝન-૨૦૨૦માં સમગ્ર દેશમાંથી વિવિધ ૯૦૦ (નવસો) પાર્ટિસિપેન્ટ્સે ભાગ લીધો હતો. આ કાર્યક્રમ તારીખ : ૦૩/૦૯/૨૦૨૨ થી ૦૪/૦૯/૨૦૨૨ દરમ્યાન રહ્યો હતો. તેમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી, ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) તેમજ કેમ્પ મેનેજરશ્રી સૌમિન મેતી ઉપસ્થિત રહ્યાં હતા.

## સિવિલ ડિફેન્સ અધિકારી તાલીમ



''રિસ્ક રિડ્યુસન સ્ટ્રેટેજી'' ડિઝાસ્ટર દિવ્યાંગતા અંતર્ગત તારીખ : ૦૭-૦૯-૨૦૨૨નાં રોજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફ ગુજરાત ઈન્સ્ટિટ્યુટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તેમાં સિવિલ ડિફેન્સ ઓફિસર્સ અને ચીફ ડિસ્ટ્રીક્ટ હેલ્થ ઓફિસર્સ તાલીમનાં સેશનમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોષી હાજર રહ્યાં હતા.



## નેપાળ પ્રતિનિધિ-મુલાકાત



નેપાળમાં દિવ્યાંગજનો તેઓનાં દેશમાં સંમ્મિલિત શિક્ષણ કઈ રીતે સુવ્યવસ્થિત પ્રાપ્ત કરી શકે તે અમલીકરણ માટે નેપાળથી ઉચ્ચકક્ષાનું પ્રતિનિધિ મંડળ ગુજરાતમાં આવ્યા હતા અને તારીખ : ૨૨/૮/૨૦૨૨ નાં રોજ બીપીએ અને આઈ.સી.વી.આઈ (ઈન્ડિયા) દ્વારા છ દિવસીય ઓરીએન્ટેડ તાલીમ કાર્યક્રમમાં રહ્યાં હતાં. આ દરમ્યાન દિવ્યાંગજનો માટે સાધન સહાય, મોનીટરીંગ, શિક્ષણ કાર્ય, પુનર્વસન વગેરે મુદ્દાઓ પર વિષય નિષ્ણાતોએ તેઓને દિવ્યાંગજનોનાં કાર્ય બાબતથી અવગત કર્યા હતા. આ સાથે આ પ્રતિનિધિ મંડળે સમગ્ર શિક્ષા અભિયાન મિશન દ્વારા દિવ્યાંગજનો માટેની રાજ્ય સ્તરીય ઓફીસની મુલાકાત લીધી હતી અને શિક્ષણ વિભાગનાં સેક્રેટરીશ્રી વિનોદરાય અને એસ.પી.ડી શ્રી ડૉ. રતનકંવર ગઢવી ચારણે ટીમની સાથે જોડાઈ દિવ્યાંગજનોનાં કાર્ય અંતર્ગત જાણકારી આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન એજ્યુકેશન મેનેજરશ્રી બિપીન મહેતા તેમજ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોષીએ કર્યું હતું.



## પંચાયતી રાજ જાગૃતિ - સરપંચ તાલીમ



"સ્ટરીડ ક્લાયમેટ ઈન્વેસ્ટમેન્ટ લિ." દ્વારા દસ ગ્રામ્યનાં સરપંચશ્રીની તાલીમ તારીખ : ૩૦/૦૮/૨૦૨૨નાં રોજ કંપનીના સી.એસ.આર દ્વારા મોટી મજેઠીમાં એક દિવસીય કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અહીં આ તાલીમ પંચાયતી રાજ જાગૃતિ અને સામાજિક વિકાસ વિષયક રહી હતી. આ કાર્યક્રમનું આયોજન અને તાલીમ બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.



## નખત્રાણા સેન્ટર મીટીંગ

જરૂરિયાતમંદ વ્યક્તિઓને આરોગ્યલક્ષી સુવિધાઓ વધુમાં વધુ સરળતાથી કઈ રીતે પ્રદાન કરી શકાય તે માટે તારીખ : ૨૧/૦૯/૨૦૨૨નાં રોજ નખત્રાણા ખાતે લોહાણા મહાજન ટ્રસ્ટનાં સ્થાનિક ટ્રસ્ટીઓ અને બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) શ્રી ધર્મેન્દ્ર જૈના મીટીંગમાં ઉપસ્થિત રહી ચર્ચા કરી હતી.



## પીઆરએલ - ગોવા

ગોવા ખાતે તારીખ૧૯/૧૨/૨૦૨૨ થી ૨૨/૧૨/૨૦૨૨ સુધી સી.એસ.આઈ.આર નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓર્સનોગ્રાફી(એન.આઈ.ઓ) સપ્લાઈ ફર્નિચર પ્રિ બીડ કોન્ફરન્સ હોના પુલા ગોવા ખાતે યોજાય હતી. આ કાર્યક્રમમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી અરિંદમ રે, ખરીદ અધિકારીશ્રી અર્કેશ પટેલ, સુપરવાઈઝરશ્રી પ્રકાશ જોષી (ફર્નિચર રિપેરીંગ વિભાગ) અને કોન્ટ્રાક્ટરશ્રી મહાવીર પ્રસાદ શર્માએ મુલાકાત લીધી હતી.



## સ્વાતંત્ર્ય પર્વ

૧૫, મી ઓગસ્ટ - ૨૦૨૨ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ડાંગ ખાતે થઈ તેમાં ગુજરાતનાં એન.એ.બી (જી.એસ.બી)નાં સેક્રેટરીશ્રી તારક લુહાર અંધજન શાળા, ડાંગની મુલાકાત સમયે ધ્વજવંદન કર્યું હતું.



## પેરા-પાવરલીફ્ટીંગ એવોર્ડ

ગુજરાત રાજ્ય પેરા પાવર લીફ્ટીંગ - ચેમ્પીયનશીપમાં પાવાધામ ખાતે સપના શાહ ને ગોલ્ડ મેડલ અને માયાભાઈ ભામર તેમજ અરમાન શેખને સિલ્વર મેડલ તારીખ : ૨૩-૧૨-૨૦૨૨નાં રોજ મળ્યાં હતાં.

## રાષ્ટ્રીય વાર્ષિક ગણિત કાર્યક્રમ

સંમ્મિલિત શિક્ષણ માટે જી.એસ.એફ.સી યુનિવર્સીટી વડોદરા ખાતે તારીખ : ૨૩-૦૯-૨૦૨૨નાં રોજ રાષ્ટ્રીય વાર્ષિક પ્રદર્શન કાર્યક્રમ-૨૦૨૨ દ્વારા કરવામાં આવ્યો હતો.

આ પ્રદર્શન કાર્યક્રમમાં દ્રષ્ટિહીનોનાં ગણિત-વિજ્ઞાન પરત્વેનાં શૈક્ષણિક સહાયક સાધનોની ઓળખ પ્રદર્શનમાં બીપીએનાં એ.ટી.સી.બીનાં શિક્ષકશ્રી હિતેશ ચૌધરી અને શ્રી લલિત મહેતાએ પ્રદર્શિત કરી હતી.




## કોન્સ્યુલેશન કાર્યક્રમ વિઝન-૨૦૨૦




રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા અને ગુજરાત ચેપ્ટરનાં સંયુક્ત ઉપક્રમે તારીખ : ૨૪/૧૨/૨૦૨૨નાં રોજ હોટલ રિવેરા ખાતે કોન્સ્યુલેશન વિઝન - ૨૦૨૦ નાં કાર્યક્રમમાં બીપીએ હેલ્થ ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ધર્મેન્દ્ર જૈના રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં શ્રી આર.એન મોહંતી સીઈઓ શ્રી ફર્નિન્દ્ર બાબુ નુકેલા તેમજ વિઝન-૨૦૨૦ નાં પ્રમુખશ્રી તેમજ ગુજરાતનાં ઉચ્ચ કક્ષાનાં અધિકારીશ્રીઓમાં ડૉ.રક્ષેસ વેદી, ડૉ.ઉત્પલ જાની તેમજ ઓપ્થોમોલોજી સર્જન અને એનજીઓનાં પ્રતિનિધિશ્રીઓ રહ્યા હતાં.

## રક્તદાન કેમ્પ




૩ ડિસેમ્બર વિશ્વ વિક્લાંગ દિવસે પ્રથમા બ્લડ બેંક દ્વારા બીપીએમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ બ્લડબેન્ક દ્વારા આ ઉમદા કાર્ય માટે પ્રોત્સાહન સ્વરૂપે સર્ટીફીકેટ આપવામાં આવ્યું હતું.

## એવોર્ડ અભિનંદન



ગુજરાત રાજ્ય દ્વારા વિક્લાંગતા ક્ષેત્રે કાર્યરત દિવ્યાંગજનોને એવોર્ડ પ્રોત્સાહન આપવામાં આવે છે આ વર્ષે બીપીએનાં શ્રી રાજેશભાઈ અને હેમાંગીબેનને તારીખ : ૨૦-૧૦-૨૦૨૨નાં રોજ એવોર્ડ, ગાંધીનગર ખાતે આપવામાં આવ્યો હતો.

## ૧૦૦ મી જન્મદિન ઉજવણી






ખેડા જિલ્લાના કપડવંજમાં દિવ્યાંગજનોને માટે સેવા કાર્ય કરતાં વી.એસ.ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનાં સંસ્થાપક સ્વ. શ્રી મુંકુંદગાંધીની જન્મતિથિની ઉજવણી સંસ્થામાં તારીખઃ ૨૮/૧૧/૨૦૨૨નાં રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્પે. ભૂલકાનાં વાલી તાલીમ પણ આયોજીત કરવામાં આવી હતી તેમાં બીપીએનાં પદાધિકારીશ્રી વિમલ થવાણી, શ્રી ભરત જોષી, શ્રીમતિ કૃપા વેલાણી ઉપસ્થિત રહ્યાં હતા.





## ભાસ્કર ભવન ઉદ્‌ઘાટન

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનાં દિવ્યાંગજનોને જિલ્લા સ્તરે સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત કાર્યરત શ્રી પ્રોફેસર ભાસ્કર મહેતાનાં ધનિષ્ઠ અને ભગીરથ પ્રયાસો રહ્યાં છે. આ નૂતન દિવ્યાંગ બાળકોનાં મુખ્ય કાર્યાલયનું નામાંકન "ભાસ્કરભવન" વિધિવત રીતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૨૧/૦૮/૨૦૨૨નાં રોજ યોજાયો હતો. તેમાં બીપીએનાં પદાધિકારીશ્રી, શ્રી કિન્નરી દેસાઈ તેમજ શ્રી તારક લુહાર હાજર

## ચેસ હરિફાઈ









ગુજરાત ચેસ એસોસીએશન ફોર વિઝ્યુઅલ ચેલેન્જડ (જી.સી.એ.વી.સી) સંચાલિત અને મનપસંદ જીમખાના, અમદાવાદ આયોજીત ૬૫ દ્રષ્ટિક્ષતિ પુરૂષો અને મહિલાઓએ તારીખ : ૩ થી૫ નવેમ્બરે ૨૦૨૨ ની હરિફાઈમાં ભાગ લીધો હતો.

## એથ્લેટીક્સ ચેમ્પીયનશીપ



ટી-૧૨ સેકન્ડમાં ૧૦૦ મીટર અને ૪૦૦ મીટર ઓપન ઈન્ડિયન પેરા એથ્લેટીક્સ રાષ્ટ્રીય ચેમ્પીયનશીપ-૨૦૨૨માં ઠાકોર ખોડાજી દાનાજી રહ્યાં હતાં.



જ્યારે ટી-૧૩ કેટેગરી અને ૧૦૦ મીટર તેમજ ૪૦૦ મીટરમાં તેજલ ડામોરએ ભાગ લઈને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

## બ્રેઈલ તંબોલા હાઉસી હરિફાઈ



લેડીઝ સર્કલ, અમદાવાદ રાઉન્ડ ટેબલ દ્વારા આયોજીત બ્રેઈલ તંબોલા હાઉસીની હરિફાઈ કાર્યક્રમ રાજપથ ક્લબ ખાતે થયો હતો તેમાં આ સ્પર્ધાનો પ્રથમ મોક રાઉન્ડ બીપીએમાં યોજાયો હતો. સ્પર્ધામાં બીપીએમાં વિદ્યાર્થી કૃણાલ અને સંદીપ વિજેતા થતાં હાઉસની હરિફાઈમાં તેઓને રોકડ ઈનામ તેમજ ફ્રીઝ અને ટી.વી ઘર વપરાશ ચીજવસ્તુઓ આપવામાં આવ્યા હતાં.

## સિવણ તાલીમ-વાંકાનેર

સી ટ્રેડ શિપીંગ એજન્સી લિમીટેડ દ્વારા તારીખ : ૦૬/૦૯/૨૦૨૨ થી ૧૭/૦૯/૨૦૨૨ નાં રોજ ૧૬ દિવ્યાંગ મહિલાઓને તાલીમ વાંકાનેર ગાયત્રીનગર મંદિર ખાતે આપવામાં આવી હતી. આ તાલીમ બાદ દિવ્યાંગ મહિલાઓને સિવણ મશીન સ્વરોજગાર માટે આપવામાં આવ્યા હતા.







## મહિલાઓને સિવણ તાલીમ

દિવ્યાંગ તેમજ સામાન્ય મહિલાઓની સંયુક્ત બેન્ચમાં તેઓ એકબીજાને તાલીમ દરમ્યાન સહાયક બની રહે તે રીતે તાલીમ ગોઠવવામાં આવી હતી. આ સિવણ તાલીમ કાર્યક્રમ તારીખ ૨૪ જુલાઈથી ૫ ઓગસ્ટ-૨૦૨૨ સુધી સાયલાના મોટી મજેઠી ખાતે દસ દિવસીય તાલીમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ સાયલા સી. ટ્રેડ શિપીંગ એજન્સી લિ. અને આર.એલ.સી એજન્સી લિમીટેડનાં સંયુક્ત ફંડથી આયોજીત કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં દસ મહિલાઓ સામાન્ય અને વીસ દિવ્યાંગ મહિલાઓ મળીને કુલ ત્રીસ તાલીમાર્થીને તાલીમ આપી અને તેઓને સિવણ મશીન આપવામાં આવ્યા હતા.

## સિવણ મશીન સહયોગ




સ્ટરોઈડ ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડના સી.એસ.આર સહયોગથી બીપીએ ઈન્ડિયા દ્વારા દસ દિવસીય સિવણ તાલીમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી તારીખ: ૦૩/૧૦/૨૦૨૨નાં રોજ ઉપસ્થિત રહ્યાં હતાં.







## ગલ્લા-વિતરણ




ગુજરાત સ્ટેટ સીડ્સ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર દ્વારા બીપીએમાં સી.એસ.આરનાં સહયોગથી ઠાસરા પ્રોજેક્ટ ખાતે ૨૩ દુકાન (ગલ્લા) કે જેમાં નાના પાયે ચીજ વસ્તુઓનું વેચાણ કરી પોતાનું જીવન સ્વમાનભેર સ્વરોજગારથી વ્યતિત કરી શકે તે માટે તારીખ ૦૭/૧૦/૨૦૨૨નાં રોજ વિતરણ કરવામાં આવ્યા હતાં.

## સ્કુલ બસ દાન - એસ.બી.આઈ











સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા અમદાવાદ દ્વારા બેંકની સી.એસ.આર પ્રવૃતિઓનાં ભાગરૂપે બીપીએનાં દિવ્યાંગજનો તેમજ શિક્ષકો દ્વારા આવન-જાવન માટે સ્કુલ બસ તારીખ : ૧૮/૧૦/૨૦૨૨નાં રોજ આપી હતી. એસ.બી.આઈનાં મેનેજીંગ ડાયરેક્ટરશ્રી આલોકકુમાર ચૌધરીએ અહીં તેઓનાં વરદ્ હસ્તે બસની ચાવી બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભુષણ પુનાની તેમજ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી નંદિની રાવલને આપી હતી.

આ સ્કુલબસ માટે એસ.બી.આઈ દ્વારા ૨૬,૪૭,૧૭૮ રૂની માતબર રકમ દિવ્યાંગજનોની સુલભતા માટે ફાળવવામાં આવી છે.

## મેડીકલ વાન - નાઝ સેન્ટર

લુહાર સુથાર સેવા સમિતિ વટવા, અમદાવાદ તેમજ આકરોલ ચેરીટેબલ ટ્રસ્ટનાં સંયુક્ત ઉપક્રમે મેડીકલ વાન - નાઝ સેન્ટર માટે આપવામાં આવી છે. આમ બીપીએ એમ.એસ.એમ નાઝ સેન્ટરમાં ચાલતી આરોગ્યલક્ષી સેવાઓ દિવ્યાંગજનોના ઉપયોગિતાના હેતુસર ભેટસ્વરૂપે આપવામાં આવી છે.





## સ્કોરપીયો દાન



બીપીએનાં નેજા તળે બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારનાં દિવ્યાંગજનો માટે ચાલતા ડીસા, પાલનપુર પ્રોજેક્ટમાં દિવ્યાંગ ભૂલકાઓને પીકનીક તેમજ ઘરથી સેન્ટર સુધીની સુવિધામાં સરળ ઉપયોગી બની રહે તે માટે શ્રી કે.જી. રાવલ ફેમિલીનાં શ્રી સંજીવ રાવલ દ્વારા તારીખ : ૧૭/૦૮/૨૦૨૨નાં રોજ સ્કોરપીયો ફોર વ્હીલરનું દાન બાળકોની સુવિધા માટે કરવામાં આવ્યું છે.

## કીટ વિતરણ



માનસિક માંદગી ધરાવતા સાજા થયેલા દર્દીઓને સ્વરોજગાર માટેની કીટનું વિતરણ ડીસા સેન્ટર ખાતે તારીખ : ૧૩/૧૨/૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું.

આ કીટ વિતરણનું દાન શ્રી પ્રવીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ માળી ડીસા તેમજ આમંત્રિતો અને બીપીએ ડીસા સેન્ટરનાં શ્રી વનરાજસિંહ ચાવડા, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલ થવાણી તેમજ સિનિયર મેનેજરશ્રી કિન્નરી દેસાઈ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન બીપીએ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જરૂરિયાતમંદ સહાય



દિવ્યાંગજનોને તેઓની જરૂરિયાત અનુસાર સાધન-સહાયમાં વ્હીલચેર, ટ્રાઈસીકલો, તેમજ બિલ્ટેલ હિયરીંગ એઈડની સહાય આપવામાં આવી હતી. અહીં ૬૦ (લાભાર્થીઓ) ને સીએસઆરનાં કુલ છ લાખ ચાલીસ હજાર રૂપિયા મસાલા ગેમ્સ પ્રા. લિમીટેડ કંપનીના સહયોગથી તારીખ : ૨૯/૧૨/૨૦૨૨ નાં રોજ આપવામાં આવ્યાં. આ તબક્કે કંપનીનાં શ્રેષ્ઠીશ્રી અને કુટુંબીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઝોન મીટીંગ



વિઝન-૨૦૨૨ ઈન્ડિયા વેસ્ટ ઝોન મેમ્બર્સની મીટીંગ લોટ્સ આઈ. હોસ્પટલ, મુંબઈ ખાતે તારીખઃ ૨૧/૧૧/૨૦૨૨નાં રોજ થઈ હતી તેમાં બીપીએ-બારેજા આઈ હોસ્પિટલનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ધર્મેન્દ્ર જૈના ઉપસ્થિત રહ્યા હતાં.

## મધ્યપ્રદેશ મુલાકાત

આકાંક્ષાની મુલાકાત મધ્યપ્રદેશ ખાતે તા. ૯ થી ૧૧ નવેમ્બર - ૨૦૨૨ થી બીપીએનાં શ્રી કૃપા વેલાણીએ લીધી હતી.







## સ્પર્ધા ઈનામ વિતરણ



સામાન્ય રમતવીરોની જેમ દિવ્યાંગજન પણ જુદી જુદી રમતોમાં ભાગ લઈને એક લક્ષ્ય હાંસલ કરવા દિવ્યાંગતાને ભૂલીને સ્પર્ધામાં જીત હાંસલ કરવામાં સફળ રહ્યાં હતાં. તેમાં બીપીએનાં વિદ્યાર્થીઓએ પણ સફળતા હાંસલ કરી હતી. આમ આ ખેલાડીઓનોં સ્પર્ધા ઈનામ કાર્યક્રમ તા. ૨૮-૦૮-૨૦૨૨ નાં રોજ અંધ-અપંગ કલ્યાણ કેન્દ્ર સર્વોદય મંડળ ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં એન.એ.બી. ગુજરાતનાં સેક્રેટરીશ્રી ઉપસ્થિત રહ્યાં હતા.

## નેશનલ ટ્રસ્ટ પ્રવૃતિઓ



દિવ્યાંગજનોનાં લાભાર્થે ચાલતી પ્રવૃતિઓ અંતર્ગત નેશનલ ટ્રસ્ટ, ગુજરાતમાં એસ.એન.એ.સી કો-ઓર્ડિનેટર શ્રી વનરાજ ચાવડાએ દમણ, દીવ ખાતે મીટીંગમાં ઉપસ્થિત રહી પ્રેઝન્ટેશન તારીખ: ૮/૧૨/૨૦૨૨ નાં રોજ કર્યું હતું.



## સ્થાનિક કમિટિ બેઠક

બાળ સુરક્ષા પોલીસી અને તેનાં અનુસંધાને શિક્ષણ અને દૈનિક ક્રિયાઓ તેમજ ક્લિનીકલ એસેસમેન્ટની બેઠક તારીખ:૦૧/૧૨/૨૦૨૨નાં રોજ આશીર્વાદ વિક્લાંગ ટ્રસ્ટ સાયલા ખાતે યોજાય હતી આ બેઠકમાં શ્રી કૃપા વેલાણી અને શ્રી દિપા જોશીએ કાર્યક્રમમાં વાલીઓને ખ્યાલ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૯ દિવ્યાંગ બાળકોનાં વાલી બેઠકમાં રહ્યાં હતાં. આ બેઠકનું ફંડ સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા ફાળવવામાં આવ્યું હતું.





## ઓડિયો બુક-લાયબ્રેરી



દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજીમાં - ઓડિયો બુક ઉપયોગિતા સાથે લાયબ્રેરી મેનેજમેન્ટ કરી શકાય તે માટે તાલીમ ગોઠવવામાં આવી હતી. તાલીમમાં સ્ટુડિયો, પી.સી. સોફ્ટવેર (ડેઝી બુક ક્રિએશન) મેકીંગ ઈ પબ બુક્સ રીડીંગ, ડેઝી બુક્સ અને તેનો ઉપયોગ, રાષ્ટ્રીય ડીજીટલ લાયબ્રેરી બુક શેર અને સુગમ્ય પુસ્તકાલય વેબસાઈટ વિષયક તાલીમ આપવામાં આવી હતી તેમાં તાન્યા કોમ્પ્યુટર સેન્ટર અમદાવાદ, સાયલા, ડીસા, કપડવંજ અને સનત મહેતા ડીજીટલ લાયબ્રેરીના કર્મચારીશ્રીઓએ નવચેતન અંધજન મંડળ, માધાપુર, ભૂજમાં ત્રિદિવસીય તારીખ : ૨૫/૦૮/૨૦૨૨ થી ૨૯/૦૮/૨૦૨૨ સુધી તાલીમ પ્રાપ્ત કરી હતી.

## ઓરીએન્ટેશન તાલીમ - અમદાવાદ એરપોર્ટ






આંતરરાષ્ટ્રીય સાઈન લેન્ગવેજ દિવસે ઉજવણીનાં ભાગરૂપે તારીખઃ ૨૩/૦૯/૨૦૨૨નાં રોજ અમદાવાદ ઓથોરીટી સાથે દિવ્યાંગજનોને એરપોર્ટ ઉપર કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે માટે વર્કશોપ કરવામાં આવ્યો હતો તેમાં અલ્પદ્રષ્ટિ, દષ્ટિક્ષતિ, શારિરીક વિક્લાંગ, શ્રવણમંદતાનાં જુદા જુદા ઓરીએન્ટેશન પ્રેઝન્ટેશનથી અમદાવાદ એરપોર્ટ કર્મચારીશ્રીઓને અવગત કરવામાં આવ્યાં હતાં. આ પ્રાથમિક તાલીમથી દિવ્યાંગજનોને એરપોર્ટ કર્મચારીગણ દ્વારા દિવ્યાંગજનોને એરપોર્ટનાં આવન-જાવનમાં મદદરૂપ થઈ શકે છે.

આ તાલીમ બીપીએનાં શ્રી કિન્નરી દેસાઈ, શ્રી કૃપા વેલાણી અને શ્રી મિત્તલ ઠાકરે થીયરીકલ અને પ્રેક્ટીકલ આપી હતી. આ તાલીમની વિશેષતા અંતર્ગત એરપોર્ટ ઓથોરીટીનાં શ્રી દિપા કાર્તિકિયેન, અમદાવાદે આભાર વ્યક્ત કર્યો હતો.

## તાન્યા કોમ્પ્યુટર સેન્ટર - વલસાડ





મેડીસોન રિસોર્સ ફાઉન્ડેશન નાણાંકીય મદદરૂપતાથી તાન્યા કોમ્પ્યુટર સેન્ટર પૈકી અમદાવાદ, સાયલા, ડીસા, કપડવંજમાં દ્રષ્ટિક્ષતિ અને લો-વિઝન વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ આપે છે.

અહીં એન.એ.બી, વલસાડનાં સ્થાનિક સહયોગથી દિવ્યાંગજનો માટે તાન્યા કોમ્પ્યુટર સેન્ટરનું ઉદ્‌ઘાટન તારીખ : ૨૭/૧૨/૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું. આ સેન્ટરમાં તાલીમ પ્રાપ્ત શિક્ષકો અને ૧૦ (દસ) તાલીમાર્થી થી આ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ સેન્ટરનાં ઉદ્‌ઘાટન પ્રસંગે બાલસરા ફેમીલી અને બીપીએનાં શ્રી ભરત જોષી તેમજ શ્રી વિધી શાહ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઈઝરાયલ મુલાકાત

મંદબુધ્ધિતા તેમજ અતિ ગંભીર મંદબુદ્ધિતાનાં પુનર્વસન માટે ઈઝરાયલ ખાતે બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્ર શાહ અને જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભૂષણ પુનાની તેમજ આનંદધામ ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી શ્રી પરાગ શાહ અને નંદકિશોર પરીખ ઈઝરાયલમાં તારીખ : ૧૦ થી ૧૪ ડિસેમ્બર-૨૦૨૨માં કફરે તિકવા ગયા હતાં. આ પહેલાં ભારતમાં ઈઝરાયલનાં એમ્બેસેડરશ્રી એચ.ઈ.શ્રી ગિલોન સાથે શ્રી કોબી સોસાની તારીખ : ૧૦ ઓગસ્ટ-૨૦૨૨નાં રોજ બીપીએની મુલાકાતે આવીને દિવ્યાંગજનોનાં કાર્ય અંતર્ગત વિશેષ નોંધ લઈ તેઓએ ટ્રસ્ટીશ્રીઓને ઈઝરાયલ આવવા નિમંત્રણ પાઠવ્યું હતું.



## ડિસેબલ ડે યુનિવર્સિટી



ગાંધીનગર સેન્ટ્રલ યુનિવર્સિટીમાં તા. ૩, ડિસેમ્બરના વિક્લાંગતા દિવસે દિવ્યાંગતા પડકારની સમજ આપતાં બીપીએનાં એડવોકેસી મેનેજરશ્રી કિન્નરી દેસાઈ દ્રષ્ટિગોચર થાય છે.

## રિવ્યુ મોડ્યુલ બેઠક

ગુજરાત શૈક્ષણિક રિસર્ચ અને તાલીમ પરિષદ, ગાંધીનગર ખાતે એસ.ટી.આઈ રિવ્યુ મોડ્યુલમાં સામાન્ય વિદ્યાર્થીઓ સહ દિવ્યાંગ વિદ્યાર્થીઓનાં અભ્યાસ સમાયોજન અંતર્ગત તારીખ ૧૮ અને ૧૯ નવેમ્બર-૨૦૨૨નાં બે દિવસીય કાર્યક્રમમાં બીપીએનાં એજ્યુકેશન મેનેજરશ્રી બિપીન મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં.

## રોજગાર



બીપીએનાં દિવ્યાંગ તાલીમાર્થીઓએ ઝાયડસ કંપનીમાં મશીન ઓપરેટર તરીકે ૧૦ તાલીમાર્થીએ ઈન્ટરવ્યુ આપ્યાં હતાં, તે પૈકી પાંચ તાલીમાર્થીઓ તારીખ : ૧૭/૧૧/૨૦૨૨નાં રોજ પસંદગી પામ્યાં છે.

## એમેઝોન રોજગાર




એમેઝોન કંપની દ્વારા દિવ્યાંગ-યુવા બેરોજગારોને તેઓની શૈક્ષણિક તેમજ જન્મ તારીખ વગેરે દસ્તાવેજી પુરાવાઓનું વેરીફિકેશન ૧૭ (સત્તર) બેરોજગાર યુવાઓનું એમેઝોન કંપની દ્વારા હાથ ધર્યું હતું. તેથી યુવા બેરોજગારને એમેઝોન કંપનીમાં રોજગારી પ્રાપ્ત થશે.

## સાધન સહાય વિતરણ

બનાસકાંઠાનાં અંતરિયાળ ગ્રામ્યનાં દિવ્યાંગજનોને તેમની જરૂરિયાત અનુસાર સાધન સહાય આપવા માટે વોઈસ ઓફ સ્પાનાં પ્રણેતા શ્રી પ્રણવ દેસાઈએ યુ.એસ.એથી ૭૦ (સિત્તેર) દિવ્યાંગ વ્યક્તિઓ માટે તારીખ : ૩૦/૧૨/૨૦૨૨નાં રોજ સાધન સહયોગ આપવા દાનનાં શ્રેષ્ઠી રહ્યાં હતાં.

અહીં આ કાર્યક્રમમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીની રાવલ, ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી તેમજ પાલનપુર સેન્ટરનાં કો-ઓર્ડિનેટર શ્રી વનરાજ ચાવડા સાધન-સહાય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.








## સુગમ્ય ભારત મીટીંગ

સુગમ્ય ભારત એક્સેસેબલ ચૂંટણી વિષયક બાબતનાં અંતર્ગત રાષ્ટ્રીય એડવાઈઝરી કમિટિની મીટીંગ તારીખ : ૨૪/૧૧/૨૦૨૨ નાં રોજ ન્યૂ દિલ્હી ખાતે યોજાય હતી તેમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભૂષણ પુનાની હાજર રહ્યા હતાં.

## મેગા આંખ ચિકિત્સા કેમ્પ



નેત્રનિદાન માટે કથા મંડપમા કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા ચાલતી ભાગવત કથા સમયે આંખ ચકાસણી માટેનો કેમ્પ કે.સી.આર.સી આંખ હોસ્પિટલ સંચાલિત ધરાબુડી તીર્થ માંડવી ખાતે તારીખ : ૨૦/૧૧/૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યો હતો.

## વિદ્યાર્થી પિકનીક



બીપીએ સંચાલિત ડીસા દિવ્યાંગ ભવનનાં ૬૦ ભૂલકાઓએ નડાબેટ ઈન્ડો પાક બોર્ડર (પિકનીક) તારીખ: ૧૨/૧૧/૨૦૨૨નાં રોજ કરી હતી. આ પિકનીકનાં દાતાશ્રી સ્થાનિક પરમાનંભાઈ શર્મા રહ્યાં હતાં.

## નેત્ર-નિદાન કાર્યક્રમ




મહાનગર અમદાવાદ શહેરનાં પૂર્વ વિસ્તારનાં સૈજપુર બોઘા ખાતે જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે આંખ નિદાન કેમ્પ યોજાયો હતો આ કેમ્પમાં શેઠ જમનાભાઈ ભગુભાઈ ટ્રસ્ટનાં સંચાલનથી અને પોરેચા આંખ હોસ્પિટલનાં સહયોગથી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સાધન સહાય નિદાન કેમ્પ



આશીર્વાદ વિક્લાંગ ટ્રસ્ટ, સાયલા ના સહયોગથી બીપીએ અને એટીસીબી દ્વારા જામનગર ખાતે તા.૨૧/૧૧/૨૦૨૨ નાં રોજ સાધન સહાય નિદાન કેમ્પ યોજાયો હતો.

## વૃક્ષારોપણ સાધન-સહાય-કાર્યક્રમ



બીપીએ કેમ્પસમાં વૃક્ષારોપણ તેમજ સાધન-સહાય વિતરણનો કેમ્પ તારીખ : ૦૩/૦૮/૨૦૨૨નાં રોજ યોજાયો હતો. તેમાં પ્રિન્સીપાલ ઈન્કમટેક્ષ કમિશ્નરશ્રી રિતેષ પરમાર, એડીશનલ કમિશ્નરશ્રી જી.સી દક્ષિણી, ડેપ્યુટી કમિશ્નરશ્રી અતુલ ગોખલે ઉપસ્થિત રહી તેઓનાં વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરીને દિવ્યાંગજન લાભાર્થીઓને સાધન-સહાય આપવામાં આવ્યાં હતાં.

## દ્રષ્ટિ દેખભાળ વર્કશોપ

સમર્થ સંસ્થા અને પર્સન વિથ ડિસેબીલીટી સાઈટ સેવર ઈન્ટરનેશનલ દ્વારા દ્રષ્ટિ દેખભાળ અને સ્ટ્રેટેજી કાર્યક્રમ પરલખમુંડી ગુજાપતિ જિલ્લા ઓરિસ્સા ખાતે બે દિવસીય કાર્યક્રમ યોજાયો હતો. તેમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીની રાવલ, ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી સાથે સમર્થ ટ્રસ્ટીશ્રી, એક્ઝીક્યુટીવ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.



## તાતા ઈન્સ્ટિટ્યુટ-વિદ્યાર્થી મુલાકાત

તાતા ઈન્સ્ટિટ્યુટ સોશ્યલ સાયન્સ, મુંબઈનાં એમ.એસ.ડબલ્યુ નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું ગૃપ ચાર દિવસીય દિવ્યાંગ તાલીમાર્થીઓનાં ક્ષેત્રે કાર્યરત બીપીએ સંસ્થાની મુલાકાતે તારીખ: ૦૧/૦૯/૨૦૨૨નાં રોજ આવ્યા હતા અને દિવ્યાંગજનોનો કાયદો સામાજિક સમાયોજન તેમજ નેટવર્કીંગ જેવા વિવિધ મુદ્દાઓથી પરિચિત થયા હતા. આ સાથે ગ્રામ્યકક્ષાએ ચાલતા ગ્રામીણ પ્રોજેક્ટ સુરેન્દ્રનગર જિલ્લાનાં દિવ્યાંગ બાળકોનાં વાલી તેમજ સેલ્ફ હેલ્પ ગૃપનાં સભ્યશ્રીઓની પ્રત્યક્ષ મુલાકાતથી તેઓ પ્રભાવિત થયા હતાં.



## આઈ.ડી.આર.એફ વિઝીટ

"ઈન્ડિયા ડેવલપમેન્ટ અને રિલીફ ફંડ"ના પ્રતિનિધિ શ્રીમતી વંદના માત્રાવડિયા બીપીએ અમદાવાદ ખાતે તારીખ : ૦૩/૦૮/૨૦૨૨ નાં રોજ મુલાકાત લીધી હતી. આ સમયે બીપીએનાં વિવિધ વિભાગો સાથે દિવ્યાંગજનો જરૂરિયાતમંદના વિકાસાર્થે માહિતી મેળવી હતી અને તારીખ : ૦૮/૦૮/૨૦૨૨ નાં રોજ બીપીએ પોરેચા હોસ્પિટલ તેમજ વાત્રક હોસ્પિટલ પ્રોજેક્ટ બાબતે કર્મચારીશ્રીઓ સાથે વાતચીત કરી આંખની હોસ્પિટલનાં સુઆયોજનથી આનંદ વ્યક્ત કર્યો હતો. આ સમયે સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને કે.કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળનાં ટ્રસ્ટીશ્રીઓ તેમજ બીપીએનાં એક્ઝીક્યુટીવ જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભૂષણ પુનાની તેમજ શ્રી નંદિની રાવલ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી તેમજ ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) શ્રી ધર્મેન્દ્ર જૈનાએ આંખની હોસ્પિટલની જાણકારી આપી હતી.






## બીપીએ મુલાકાત



કોલગેટ પામોલિવ (ઈન્ડિયા) લિ. સાણંદનાં ઈઓએચ.એસ મેનેજરશ્રી શૈલેન્દ્ર એમ. ભોસલે તારીખ : ૮/૧૨/૨૦૨૨નાં રોજ બીપીએની મુલાકાત લીધી હતી.



બીપીએનાં વોકેશનલ તાલીમ વિભાગ તેમજ વિઝન ઈન ધ ડાર્કની પ્રથમવાર મુલાકાત આઈ.ડી.એફ.સી બેંકનાં કર્મચારીશ્રીઓએ લીધી હતી તેમાં તેઓએ દિવ્યાંગજનોની સ્કીલ જાણી આનંદ વ્યક્ત કર્યો હતો.

## ગરબા ઉત્સવ






લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર, બીપીએ અને બીપીએ સ્ટાફ વેલ્ફેર ફંડ દ્વારા તારીખ : ૦૭/૧૦/૨૦૨૨નાં રોજ નવરાત્રી ગરબાનું સુંદર આયોજન બીપીએ પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું.

## દશેરા પૂજા

ભારતીય પરંપરા અને સંસ્કૃતિ ભારતદેશમાં અનાદિ સમયથી ચાલી આવે છે અને દરેક ઉત્સવનું મહત્વ હોય છે તેમ દશેરા પૂજન પણ ભારતીય પરંપરાગત અનુસાર ઉજવવામાં આવ્યા હતા અહીં બીપીએનાં વર્કશોપ વિભાગમાં મશીનરીનું પૂજન ટ્રસ્ટીશ્રીનાં વરદ્‌હસ્તે તારીખ : ૦૫/૧૦/૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું.




## મીઠાઈ વિતરણ



કર્મા બેલીફ ચેરીટેબલ ટ્રસ્ટ આશીમા ટાવર, સંદેશ પ્રેસ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવાળી શુભ પર્વની મીઠાઈ તેમજ નાસ્તાના ૧૫૦ બોક્ષ બારબિક્સ રેસ્ટોરન્ટનાં સહયોગથી શ્રી શિરીશ પટેલ દ્વારા તારીખ : ૨૦/૧૦/૨૦૨૨નાં રોજ આપવામાં આવ્યા હતાં.






## નાતાલ પર્વની ઉજવણી માણતા સ્પે-જરૂરિયાત સેન્ટરનાં ભૂલકાઓ આનંદમાં








## કર્મચારી જન્મદિન ઉજવણી

દર માસની અંદર બીપીએ કર્મચારીશ્રીની જન્મતિથિ હોય ત્યારે સામુહિક રીતે એક દિવસ બીપીએ કેમ્પસમાં હર્ષોલ્લાસ સાથે જન્મદિન ઉજવવામાં આવે છે. અહીં તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૨ ઓક્ટોબર, ૨૧ નવેમ્બર અને ૩૧ ડિસેમ્બર-૨૦૨૨નાં રોજ સામુહિક જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.


## સ્વાભિમાન ગૃપ-પ્રવૃતિ





કોરોના (કોવિડ-૧૯) ના કાળ દરમ્યાન પરિસ્થિતિને અનુરૂપ દિવ્યાંગ બાળકો માટે ડી.જે નું આયોજન થઈ શક્યુ ન હતુ. પરંતુ આ વર્ષે તારીખ : ૨૭/૦૮/૨૦૨૨ નાં રોજ સ્વાભિમાન ગૃપ દ્વારા ડી.જે પાર્ટીનું આયોજન સામાન્ય અને દિવ્યાંગ સંમ્મિલિત બાળકો માટે આયોજીત કરવામાં આવી હતી.

તેમજ સ્વાભિમાન ગૃપ દ્વારા તા. ૧૭/૦૯/૨૦૨૨ નાં રોજ જરૂરિયાતમંદ ગરીબ દિવ્યાંગજનોને સાધન-સહાય, ડીઝીટલ હિયરીંગ એઈડ, સિવણ મશીન, પ્લમ્બીંગ કીટ, ફિજીયોથેરાપી કીટ, મસાજ કીટ, બ્યુટી પાર્લર કીટ, હાથલારી, પ્રોવિઝન કીટ, શૈક્ષણિક સ્કોલરશીપ સહ તેઓને માટે નાસ્તાની વ્યવસ્થા સાથે ઘરથી આવન-જાવનનું ભાડુ પણ આપવામાં આવ્યું હતું. સ્વાભિમાન ગૃપ છેલ્લા ૨૦ વર્ષથી રાજ્યકક્ષાનાં અને શહેરી જરૂરિયાતમંદોને તેઓની સેવાઓ પ્રદાન કરવામાં હંમેશા સહયોગી બની રહ્યાં છે.

## જૂનાગઢ સહયોગ








સ્વરોજગાર માટે જૂનાગઢ ખાતે તારીખ : ૦૫/૦૮/૨૦૨૨ નાં રોજ બીપીએનાં રોજગાર, સ્વરોજગાર વિભાગનાં આયોજનથી જૂનાગઢ જિલ્લાનાં દિવ્યાંગજનોને ૩૪ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વિતરણ સમારોહ બીપીએનાં શ્રી કિન્નરી દેસાઈ, એડવોકેસી મેનેજર, રોજગાર અધિકારીશ્રી રમેશ પટેલ અને ટીમનાં કર્મચારીશ્રી જ્યોતિષ ચૌધરી, શ્રી સંગીતા અજલપુરિયા, શ્રીમતી દિપલ વ્યાસ અને હેમાંગી કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં.

## અભિનંદન

વયોવૃધ્ધતાના આરે એટલે કે ૯૦ વર્ષની ઉમરે પણ દિવ્યાંગજનોને મદદરૂપ બનવાના ભગીરથ પ્રયાસમાં ચેરીટી સ્વરૂપે સોસાયટીમાંથી દિવ્યાંગજનો માટે દાન મેળવવામાં શ્રી નટુભાઈએ રૂ.૯૧૦૦૦ (એકાણુ હજાર)નું દાન એકત્રીકરણ કરી દિવ્યાંગજનો માટે બીપીએમાં આપ્યું હતું.

## વોઈસ ઓફ સ્પા (સહયોગ - જોધપુર)

બીપીએ અને વોઈસ ઓફ એસ.એ.પીનાં સંયુક્ત ઉપક્રમે તારીખ : ૨૪/૧૨/૨૦૨૨ નાં રોજ જોધપુર ટીમનાં આયોજનથી દિવ્યાંગજનોનાં સાધન-સહાય વિતરણનું કાર્ય કરવામાં આવ્યું હતું. આ સમયે ૬ બ્યુટીપાર્લર કીટ, ૧ . ડેઝી પ્લેયર, સ્માર્ટફોન, ટ્રાઈસીકલ અને એક વ્હીલચેર સહિત ૫૯ દિવ્યાંગજનોને તેઓની જરૂરિયાત અનુસાર જુદા જુદા સાધનોની સહાયતા આપી હતી. આ કેમ્પ દરમ્યાન બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.




## બીપીએ બારેજા હોસ્પિટલ - ભાગવત સપ્તાહ







બીપીએ અને બારેજા હોસ્પિટલનાં સંયુક્ત ઉપક્રમે બારેજા ગામનાં સહયોગથી યોજાયેલ ભાગવત સપ્તાહ તારીખ ૧૯/૦૯/૨૦૨૨ નાં રોજ પ્રખર કથાકાર ડૉ. કૃણાલ શાસ્ત્રીનાં મુખેથી અદ્વિતીય સરળ કથાનું રસપાન કરાવ્યું હતું તેમજ ક્રિષ્ણા ડાન્સ દ્રષ્ટિક્ષતિ તૃષાર વર્માએ કર્યો હતો ત્યારે બારેજા અને આસપાસનાં ગ્રામીણ રહીશ ભક્તજનો પણ ભક્તિમય વાતાવરણમાં શ્રી ભગવાનની ભાગવત કથાથી પ્રભાવિત થયા હતાં. આ સમય દરમ્યાન ડૉ.કૃણાલશાસ્ત્રી દ્વારા દિવ્યાંગજનોને હુંફ અને સહકાર તેમજ તેઓનાં સર્વાંગી વિકાસમાં દાનની સરવણી કરવા હિમાયત કરી હતી. આ કથા દરમ્યાન પાંચ દ્રષ્ટિક્ષતિ યુગલોને પરણાવવાના સમૂહ લગ્નોત્સવ કાર્યક્રમની ઘોષણા કરવામાં આવી હતી.

## લગ્નોત્સવ - બારેજા







બીપીએ અને લાયન્સ ક્લબ, વસ્ત્રાપુરનાં સંયુક્ત સંયોજનથી પ્રથમ વાર દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનું આયોજન દ્રષ્ટિક્ષતિ જરૂરિયાતમંદ - યુગલો માટે ગોઠવવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવ બારેજા ગ્રામ્યનાં પરિસરમાં તારીખ : ૧૨/૧૨/૨૦૨૨નાં રોજ યોજાયો હતો. આ સમૂહ લગ્ન દરમ્યાન દરેક જોડા(કપલ)ને જ્વેલરી, ઘરવખરીનો સામાન આપતાં અંદાજે ત્રણ લાખની આસપાસ ખર્ચ રહ્યો હતો. આ ખર્ચના સહયોગીમાં ઝંકાર ફાઉન્ડેશન બારેજા આઈ હોસ્પિટલ લાયન્સ ક્લબ, વસ્ત્રાપુર અને બારેજાનાં ગ્રામ્યજનોએ સમૂહ લગ્નોત્સવમાં પધારેલા એક હજાર આંગતુકોના જમણવાર પાર્ટી પ્લોટની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે બારેજા આઈ હોસ્પિટલ ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ) સહ લાયન્સ ક્લબનાં પ્રમુખશ્રી ધર્મેન્દ્ર જૈનાએ આભાર વ્યક્ત કર્યો હતો.


5 નવયુગલે પ્રભુતામાં પગલાં માંડ્યાં:
**બારેજાના પ્રજ્ઞાચક્ષુ સમૂહ લગ્નોત્સવમાં 5 નવયુગલે પ્રભુતામાં પગલાં માંડ્યાં**

લાયન્સ ક્લબ ઑફ વસ્ત્રાપુર તથા બારેજા ગામના સંયુક્ત ઉપક્રમે બારેજા બારેજડી રોડ પર આવેલ વૈભવલક્ષ્મી પાર્ટી પ્લોટમાં 5 પ્રજ્ઞાચક્ષુ નવયુગલે પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. બંને ચક્ષુથી વર કન્યા એકબીજાને જોઈ નથી શકતા, તેઓને કરાવવામાં આવેલ શાસ્ત્રોક્ત વિધિ જોઈ ન શકતા પરંતુ સ્વજનોની મદદથી સંપૂર્ણ વિધિ સંપન્ન કરી પ્રજ્ઞાચક્ષુઓએ પ્રભુતામાં પગલાં માંડતા તેઓ આનંદિત થઈ ગયા હતા.

## આરોગ્ય કેમ્પ



પ્રોસ્ટેસ ચકાસણી કેમ્પ તેમજ કેન્સર જનજાગૃતિનો કાર્યક્રમ એસીમેઈડ ગુજરાત સંસ્થા સાથે સિવિલ હોસ્પિટલ, અસારવા દ્વારા જનજાગૃતિ કેમ્પનું સુઆયોજન તા. ૪/૧૧/૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં ૫૫ લાભાર્થી દર્દીઓએ લાભ મેળવ્યો હતો.



## કેન્સર અવેરનેસ પ્રોગ્રામ



તા. ૩ ઓક્ટોબર ૨૦૨૨ નાં રોજ લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર દ્વારા બારેજા આંખની હોસ્પિટલનાં સ્ટાફગણ માટે ગુજરાત કેન્સર અને રિસર્ચ સોસાયટી તરફથી કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો જેમાં ૮૦ લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

## નાસિયો (ઈન્ડિયા) એવોર્ડ




ડો. અમરનાથ ટંડન એવોર્ડ નાસિયો (ઈન્ડિયા) કમિટી દ્વારા વર્ષ-૨૦૨૨નો એવોર્ડ બીપીએમાં સ્વૈચ્છિક રીતે દિવ્યાંગજનોની સેવાકીય પ્રવૃતિઓની સેવા ને બિરદાવતા શ્રીમતી મધુર લત્તા શર્માની પસંદગી થઈ છે. આ એવોર્ડ તા. ૯-ડિસેમ્બર-૨૦૨૨નાં રોજ નાસિયો, ચેમ્બુર મુંબઈ ખાતે મળ્યો હતો.

## ચિત્ર સ્પર્ધા



રોટરી ક્લબ ડીસાનાં સહયોગથી ખુશીઓનું સરનામું-૧, ડીસા સેન્ટર ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધા આંતરરાષ્ટ્રીય વિક્લાંગ દિવસે યોજાય હતી.

## દિવેટિયા એવોર્ડ

બીપીએ દ્વારા વિઝન ઈન ધ ડાર્ક, સામાન્યજનોને સરળતાથી આંખ અમૂલ્ય કુદરતી મળેલી દ્રષ્ટિનું મહત્વ સમજાય તે માટે પ્રોજેક્ટ દ્વારા જાણકારી આપવામાં આવે છે. બીપીએની મુલાકાતે આવેલ મુલાકાતીઓને ગાઈડ કરતાં શ્રી જયદેવ વણકરને તેઓની ફરજ નિષ્ઠામય કામગીરીથી શ્રી નંદિની દિવેટીયા ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ તારીખ: ૩-૧૨-૨૦૨૨નાં રોજ વિશ્વ વિક્લાંગ દિવસે એવોર્ડ આપવામાં આવ્યો છે.





## કંપની રોજગાર

**સી.એમ.એ સી.જી** કંપનીમાં તાલીમાર્થી ઈન્ટરવ્યુ તા-૦૧/૧૧/૨૦૨૨ નાં રોજ થતાં તેમાં જીબરાન પઠાણ તાલીમાર્થી પસંદગી નિયુક્ત થયેલ છે.

**વી-માર્ટ જામનગરમાં ૧ (એક) તાલીમાર્થી રોજગાર મેળવવા નિયુક્ત થયેલ છે.**

## સીએસઆર કોન્ફરન્સ




અમદાવાદ મેનેજમેન્ટ ઓસોસીએશન (એ.એમ.એ)માં તારીખ : ૨૩/૧૨/૨૦૨૨ નાં રોજ યોજાયેલ સી.એસ.આર કોન્ફરન્સ-૨૦૨૨માં બીપીએ એક્ઝીક્યુટીવ જનરલ સેક્રેટરી શ્રી ડૉ. ભૂષણ પુનાનીએ સી.એસ.આર અંતર્ગત વક્તવ્ય આપ્યું હતું.

## મતદાતા જાગૃતિ અભિયાન કાર્યક્રમ



મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય અને ચૂંટણી કમિશ્નર દ્વારા આયોજીત વિધાનસભા ચૂંટણી મતદાતા જન-જાગૃતિ બીપીએ દ્વારા તા. ૧૫/૧૧/૨૦૨૨ નાં રોજ મતદાતા જાગૃતિનું કાર્ય કરવામાં આવ્યું હતું.



ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે અમારો પણ મત આપવાનો અબાદિત અધિકાર છે. તે જુસ્સા સાથે ૫ મી સપ્ટેમ્બર-૨૦૨૨નાં રોજ દિવ્યાંગજનોએ પોતાનો કિંમતી મત વિધાન સભા ચૂંટણીમાં આપીને ખુશી વ્યક્ત કરી હતી.

## સમ્મિલિત શિક્ષણનાં હિમાયતી



દિવ્યાંગજનો માટે નિવાસી શાળા સિવાય સામાન્ય શાળાઓમાં પણ શિક્ષણ મેળવી શકે તે માટેનાં દિવ્યાંગજનોના ક્ષેત્રે, શિક્ષણવિદો સાથે રહી રાજ્યમાં સંમ્મિલિત શિક્ષણની શરૂઆત એન.એ.બી વિસનગર દ્વારા કરવામાં આવી હતી. તેઓ એન.એ.બીની દિવ્યાંગજનોનાં હિતાર્થે વિચારધારા સાથે હર હંમેશ સંમતિ ધરાવતા હતા તેમજ શ્રી દ્રષ્ટિહીન બાળકોના વિકાસ માટે અવિરત હકારાત્મક દ્રષ્ટિ રાખતાં હતા. આ વિરલ વ્યક્તિત્વ ધરાવતાં પ્રોફેસર શ્રી રમણીકભાઈ હાલારીનું તા. ૨૧/૦૯/૨૦૨૨ નાં રોજ વિસનગર ખાતે નિધન થયું છે. એન.એ.બી (જી.એસ.બી) તેમજ અગ્રણી દિવ્યાંગજનોના ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ પદાધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓએ તેઓનાં નિધન ઉપર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gchscbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની , સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ

## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

You can Donate through G Pay / Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

Razorpay: bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap:https://milaap.org/fundraisers/support-education-and-rehablitation-services-to-children-with-disabilities